| | |
|---|---|
| રજૂ તારીખ : | ૦૨–૦૫–૨૦૧૯ |
| દાખલ તારીખ : | ૦૨–૦૫–૨૦૧૯ |
| નિકાલ તારીખ : | ૧૭–૦૮–૨૦૨૨ |
| અવધિ : | વર્ષ માસ દિવસ |
| | ૩ ૩ ૧૫ |

**આંક :**

**મે.શ્રી અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ગાંધીધામ–કચ્છ.**

**સેશન્સ કેસ નં.૧૫/૨૦૧૯**

**ફરિયાદી** : **શ્રી સરકાર**

**વિરૂઘ્ધ**

**આરોપી** : **ઈડીબેન ગુમાનભાઈ જમરા (આદીવાસી)**
ઉ.વ : ૩૧, ધંધો: મજુરી,
મુળ રહે. ગામ.ખંડાલા, તા.અલીરાજપુર,
જી.જાંબવા, મઘ્યપ્રદેશ.
હાલ રહે. બુઢારમોરા, જયભારત કંપની,
તા.અંજાર–કચ્છ.

**ચાર્જ** : **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૫ તથા ૩૧૭ મુજબ.**

**વકીલશ્રી :**
સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એમ.આર.જાડેજા
આરોપી તરફે : વિ.વ.શ્રી આર.બી.વાઘેલા

**–: ચુ કા દો :–**

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૧૧/૧૩ ના રોજ કલાક ૧૫.૩૦ વાગ્યાના અરસામાં પોતાનું તાજુ જન્મેલ નવજાત બાળક ત્યજી દઈ, હકીકત છુપાવી, નવજાત બાળક સારવાર

દરમ્યાન મરણ ગયેલ હોય ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૫,૩૧૭ મુજબનો ગુનો કરેલ તે મતલબની ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ આપતા પોલીસે ઉપર મુજબનો નોંધીને ગુના કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસના અંતે આ કામના આરોપી વીરુધ્ધ ચાર્જશીટ કરેલ. જે ગાંધીધામના ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ફોજદારી કેસ નોંધાયેલ.

૨. આ કામના આરોપી ગાંધીધામના વિ. ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરીને આરોપીનું પ્રાથમિક નિવેદન નોંધવામાં આવેલ. આ કામના આરોપી સામેના ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા તેઓશ્રીને ન હોઈ અને ગુના સંબંધે ટ્રાયલ ચલાવવાની સત્તા એકમાત્ર સેશન્સ અદાલતને હોઈ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ અન્વયે ગાંધીધામ ખાતેની સેશન્સ અદાલતમાં સદર કેસ કમીટ કરતા, અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નંબર–૧૫/૨૦૧૯ થી નોંધાયેલ છે અને તેનો હાલ ગુણદોષ ઉપર નિકાલ કરવામાં આવી રહેલ છે.

૩. આ કામના આરોપી સામેનો કેસ સેશન્સ કમીટ થયાનો હુકમ થયા બાદ આ કામના આરોપી મુદ્દત તારીખે ના.કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીને પોલીસ તપાસના કાગળો મળી ગયાની ખાત્રી કરીને આરોપી સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ અન્વયે આંક–૬ થી તહોમતનામું ફરમાવીને તે સબંધે આરોપીની પ્લી આંક–૭ થી રેકર્ડ કરી આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૪. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાં રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | પંચ સાહેદ રવિભાઈ કિશનભાઈ મહેશ્વરીની જુબાની. |

| | | |
|---|---|---|
| ૨ | ૧૭ | પંચ સાહેદ પરેશભાઈ અરવિંદભાઈ ભુડીયાની જુબાની. |
| ૩ | ૨૭ | પંચ સાહેદ દિપકભાઈ વાસુદેવભાઈ વાઢેરની જુબાની. |
| ૪ | ૨૮ | પંચ સાહેદ મનસુખભાઈ વેરસીભાઈ મહેશ્વરીની જુબાની. |
| ૫ | ૨૯ | ફરીયાદી ઘનશ્યામભાઈ મહાદેવભાઈ લાલવાણીની જુબાની. |
| ૬ | ૩૮ | સાહેદ ઈડુભાઈ રતનભાઈ જમરાની જુબાની. |
| ૭ | ૩૯ | સાહેદ ગોલસિંગ શેકરીયા જમરાની જુબાની |
| ૮ | ૪૦ | સાહેદ રાનીબેન ગુમાનભાઈ જમરાની જુબાની |
| ૯ | ૫૪ | સાહેદ ડો. અરવિંદકુમાર સુરેન્દ્રકુમાર સિન્હાની જુબાની |
| ૧૦ | ૫૯ | ગુનો દા.ક.અ. જીજ્ઞાબેન જયદેવભાઈ ત્રિવેદીની જુબાની |
| ૧૧ | ૬૧ | ત.ક.અ. બાબુલાલ ગાંગજીભાઈ મ્યાત્રાની જુબાની |
| ૧૨ | ૬૫ | અ.મોત દા.ક.અ. કિરણભાઈ પાચાભાઈ ઠાકોરની જુબાની |
| ૧૩ | ૭૪ | ત.ક.અ. પ્રવિણભાઈ મગનભાઈ પરમારની જુબાની |

## દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૨ | ૧૮ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૩ | ૩૦ | ફરીયાદ |
| ૪ | ૫૫ | યાદી |
| ૫ | ૫૬ | પી.એમ.નોટ |
| ૬ | ૫૭ | યાદી |
| ૭ | ૫૮ | રામબાગ હોસ્પિટલનું સર્ટીફીકેટ અને ડી.એન.એ.ફોર્મ |
| ૮ | ૬૦ | જાણવાજોગનો ઉતારો |

| | | |
|---|---|---|
| ૯ | ૬૨ | યાદી |
| ૧૦ | ૬૩ | લાશ સોંપ્યા અંગેની પહોંચ |
| ૧૧ | ૬૪ | મરણોતર ફોર્મ |
| ૧૨ | ૬૬ | અકસ્માત મોતનો ઉતારો |
| ૧૩ | ૭૫ | યાદી |
| ૧૪ | ૭૬ | નવજાત બાળકનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૫ | ૭૭ | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| ૧૬ | ૭૮ | મુદામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૧૭ | ૭૯ | પૃથ્થકરણ રીપોર્ટ |

૫. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક-૮૨ થી પુરાવો પુરો થયા અંગે કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. ફરિયાદ પક્ષનાં પુરાવા આધારે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામા આવેલ છે. તેઓએ તેમના વિશેષ નિવેદન દરમ્યાન ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી તેમની સાથે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

૬. આ કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે રજૂ થયેલ ફરિયાદ ધ્યાને લેતાં આરોપીએ ગુન્હો કરેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતાં પણ આરોપીએ ગુન્હો કરેલ હોવાનું જણાઈ આવે છે. તે સંજોગોમાં આરોપીને સજા કરવા અરજ કરેલ છે.

૭. આરોપી તરફેના વિ.વ.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે આરોપી વિરુધ્ધ ફરીયાદ મુજબનો ગુનો સાબિત થતો ન હોઈ તે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

૮. આ કેસનો ન્યાયીક અંત આણવા સારુ મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૧૧/૧૩ ના રોજ કલાક ૧૫.૩૦ વાગ્યાના અરસામાં પોતાનું તાજુ જન્મેલ નવજાત બાળક ત્યજી દઈ, હકીકત છુપાવી, નવજાત બાળક સારવાર દરમ્યાત મરણ ગયેલ હોય ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૫,૩૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. છેવટે શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

૧૦. બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને રાખતાં આ અદાલત સૌપ્રથમ આરોપીઓ વિરુધ્ધના તહોમતની સાબિતી માટે થઈને ફરિયાદ પક્ષે રજુ કરેલ પુરાવો સંક્ષિપ્તમાં ધ્યાનમાં રાખવાનું યોગ્ય માને છે, જે નીચે મુજબ છે.

૧૧. ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ રવિભાઈ કિશનભાઈ મહેશ્વરીએ આંક–૧૨ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, આજથી આશરે ચારેક વર્ષ અગાઉ તેઓ તેમની મજુરી કામેથી પરત ફરતા હતા રામબાગ હોસ્પીટલ પાસે ઉભેલી પોલીસે તેમને એક તૈયાર લખાણમા સહી કરવાનુ કહેતા તેઓએ તેમા સહી કરી આપેલ અને તેમને તેમનું નામ ઠામ પુછેલ તે સીવાય પંચનામાને લગતી કોઈ કાર્યવાહી તેમની રૂબરુમા કરવામા આવેલ નહી. સાહેદને માર્ક ૪/૯ થી અસલ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતા જેમા પંચ નં.૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક–૧૩** થી રજુ છે. આમ, સદર સાહેદ તેમની જુબાનીમાં પંચનામાંની હકીકતને સમર્થન આપતાં ન હોઈ તેમને ફરિયાદ પક્ષ તરફે 'ફરી ગયેલા' જાહેર

કરવામાં આવેલા છે તથા વિ.એ.પી.પી. શ્રીએ ઉલટતપાસ કરી છે, પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

૧૨. ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ પરેશભાઈ અરવિંદભાઈ ભુંડીયાએ આંક–૧૭ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, આજથી આશરે ચાર પાંચ વર્ષ અગાઉ તેઓ શાંતીલાલ શાહના ગોડાઉનમા નોકરી કરતા હતા ત્યારે ત્યાં પોલીસ આવેલી અને એવી વાત કરેલ કે ત્યા એક તાજુ જન્મેલ બાળક મળેલ છે તે બાબતનુ પંચનામુ કરવાનુ છે અને જેથી તેઓ ઓફીસમાં હાજર હોય જેથી પોલીસે તેમની તૈયાર પંચનામામા સહી લીધેલ. આ સીવાય પંચનામાની વિગતે કોઈ જાત માહીતી નથી. સાહેદને માર્ક ૪/૩ વાળુ પંચનામુ બતાવતા જેમા પંચ નં.૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક–૧૮** થી રજુ છે. આમ, સદર સાહેદ તેમની જુબાનીમાં પંચનામાંની હકીકતને સમર્થન આપતાં ન હોઈ તેમને ફરિયાદ પક્ષ તરફે 'ફરી ગયેલા' જાહેર કરવામાં આવેલા છે તથા વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરી છે, પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

૧૩. ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ દિપક વાસુદેવભાઈ વાઢેરએ આંક–૨૭ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, આજથી આશરે ચાર પાંચ વર્ષ અગાઉ તેઓ શાંતીલાલ શાહના ગોડાઉનમા નોકરી કરતા હતા ત્યારે ત્યાં પોલીસ આવેલી અને એવી વાત કરેલ કે ત્યા એક તાજુ જન્મેલ બાળક મળેલ છે તે બાબતનુ પંચનામુ કરવાનુ છે અને જેથી તેઓ ઓફીસમાં હાજર હોય જેથી પોલીસે તેમની તૈયાર પંચનામામા સહી લીધેલ. આ સીવાય પંચનામાની વિગતે કોઈ જાત માહીતી નથી. સાહેદને આંક ૧૮ વાળુ પંચનામુ બતાવતા જેમા પંચ નં.૨ તરીકે પોતાની સહી નહી હોવાનું પરંતુ તે પંચનામામા ચઢાવેલ સરનામુ તથા મોબાઈલ નંબર તેમના હોવાનું જણાવે છે. આમ, સદર સાહેદ તેમની જુબાનીમાં પંચનામાંની હકીકતને સમર્થન આપતાં ન હોઈ તેમને ફરિયાદ પક્ષ તરફે 'ફરી ગયેલા' જાહેર કરવામાં આવેલા છે તથા

વિ.એ.પી.પી. શ્રીએ ઉલટતપાસ કરી છે, પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમની હાજરીમાં કોઈ પંચનામું કરવામાં આવેલ નહી. પોલીસ આવેલી અને એવી વાત કરેલ કે ''ત્યાં એક તાજુ જન્મેલ બાળક મળેલ છે તે બાબતનું પંચનામું કરવાનું છે'' તેવું જણાવેલ હોય તેવું બનેલ નથી.

૧૪. ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ મનસુખભાઈ વેરસીભાઈ મહેશ્વરીએ આંક-૨૮ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, આજથી આશરે ચારેક વર્ષ અગાઉ તેઓ તેમની મજુરી કામેથી પરત ફરતા હતા રામબાગ હોસ્પીટલ પાસે ઉભેલી પોલીસે તેમને એક તૈયાર લખાણમા સહી કરવાનુ કહેતા તેઓએ તેમા સહી કરી આપેલ અને તેમને તેમનું નામ ઠામ પુછેલ તે સીવાય પંચનામાને લગતી કોઈ કાર્યવાહી તેમની રૂબરુમા કરવામા આવેલ નહી. સાહેદને આંક ૧૩ વાળુ અસલ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતા જેમા મારી પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, સદર સાહેદ તેમની જુબાનીમાં પંચનામાંની હકીકતને સમર્થન આપતાં ન હોઈ તેમને ફરિયાદ પક્ષ તરફે 'ફરી ગયેલા' જાહેર કરવામાં આવેલા છે તથા વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરી છે, પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

૧૫. ફરીયાદપક્ષ તરફે ફરીયાદી ઘનશ્યામભાઈ મહાદેવભાઈ લાલવાણીએ આંક-૨૯ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ પ્રાઈવેટ કંપની માસ મરીનમા નોકરી કરે છે અને ૨૦૧૯ માં સીતાકુડ પ્રાઈવેટમાં નોકરી કરતા હતા. આજ થી આશરે છ વર્ષ પહેલા સીતાકુડ પ્રા.લી. નોકરી કરતા ત્યારે સવારના ૧૦ વાગ્યાની આસપાસ દરરોજની જેમ ત્યા ગોડાઉનમા ગયેલ અને બપોરના આશરે ૩:૩૦ અરસામાં તેઓ તથા તેમનો મીત્ર ભરત ચા પીવા ગયેલા તે વખતે ત્યાં બાવળની

જાડીમા ઘણા બધા માણસો ભેગા થયેલા ત્યાં જોઈને જોયું તો ત્યા એક નવજાત બાળક રૂમાલમા વીટાએલી હાલતમા હતું તેથી તેઓ તેને જોતા તેની ધડકન ચાલું હતી તેથી તેઓ તરત જ આ નવજાત બાળકને સ્ટલીગ હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલા અને તેઓએ પોલીસને જાણ કરેલી આ બાળક કોનું છે તેની તેમને જાણ નહોતી ત્યાર બાદ પોલીસ હોસ્પીટલ આવી ત્યારે તેઓ ત્યાં બેઠેલા અને પોલીસે તેમને પુછ પરછ કરેલી અને આ બાબતે તેઓએ પોલીસમા કોઈ અજાણી સ્ત્રીએ બાળક ત્યજી દીધુ હોય એવી ફરીયાદ આપેલી. સાહેદને ફરીયાદ બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક–૩૦** થી રજુ છે. પાછળથી પણ તેમને જાણવા મળેલ નથી કે આ બાળકના માતા પીતા કોણ છે તેના વીરૂધ્ધ કોઈ કાર્યવાહી કરેલ તેની તેમને જાણ નથી. પોલીસે તેમનું કોઈ વિશેષ નીવેદન લીધેલ નથી.

આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ સઝેશન્સનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૧૬. ફરીયાદપક્ષ તરફે સાહેદ ઈડુભાઈ રતનભાઈ જમરાએ આંક–૩૮ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ આ કામના તહોમતદાર ઈડીબેનને ઓળખતા નથી અને આ કેસમાં શું બનાવ બનેલ તેની પણ તેમને કોઈ જાણ નથી. પોલીસે તેમનું નામઠામ પુછેલું તે સીવાય તેઓ બનાવ વિશે કાંઈ જાણતા નથી કે પોલીસને તેઓએ કાંઈ લખાવેલ નથી. આમ, સદર સાહેદ તેમની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થન આપતાં ન હોઈ તેમને ફરિયાદ પક્ષ તરફે 'ફરી ગયેલા' જાહેર કરવામાં આવેલા છે તથા વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરી છે, પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

૧૭. ફરીયાદપક્ષ તરફે સાહેદ ગોલસીંગ શેકરીયા જમરાએ આંક–૩૯ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ આ કામના તહોમતદાર ઈડીબેનને ઓળખતા નથી અને આ કેસમાં શું બનાવ બનેલ તેની પણ

તેમને કોઈ જાણ નથી. પોલીસે તેમનું નામઠામ પુછેલું તે સીવાય તેઓ બનાવ વિશે કાંઈ જાણતા નથી કે પોલીસને તેઓએ કાંઈ લખાવેલ નથી. આમ, સદર સાહેદ તેમની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થન આપતાં ન હોઈ તેમને ફરિયાદ પક્ષ તરફે 'ફરી ગયેલા' જાહેર કરવામાં આવેલા છે તથા વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરી છે, પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

૧૮. ફરીયાદપક્ષ તરફે સાહેદ રાનીબેન ગુમાનભાઈ જમરાએ આંક–૪૦ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, આ કામના તહોમતદાર ઈડીબેન તેમના બેન થાય છે અને આ કેસમાં શું બનાવ બનેલ તેની પણ તેમને કોઈ જાણ નથી. પોલીસે તેમનું નામઠામ પુછેલું તે સીવાય તેઓ બનાવ વિશે કાંઈ જાણતા નથી કે પોલીસને તેઓએ કાંઈ લખાવેલ નથી. આમ, સદર સાહેદ તેમની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થન આપતાં ન હોઈ તેમને ફરિયાદ પક્ષ તરફે 'ફરી ગયેલા' જાહેર કરવામાં આવેલા છે તથા વિ.એ.પી.પી. શ્રીએ ઉલટતપાસ કરી છે, પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

૧૯. ફરીયાદપક્ષ તરફે સાહેદ ડો. અરવિંદકુમાર સુરેન્દ્રકુમાર સિન્હાએ આંક–૫૪ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ તા.૧૫.૧૧.૨૦૧૩ ના બપોરના ૨.૦૫ વાગ્યે ફરજ પર હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ ગાંધીધામ પોલીસ સ્ટેશન તરફથી એક નવજાત શીશુ નું પી.એમ કરાવવા માટે યાદી સાથે તેમની પાસે લાવવામાં આવેલ. ત્યાર પછી આ લાશનુ શબ પરીક્ષણ કરવામાં આવેલ. કલાક ૨.૧૫ ના પી.એમ કરવામાં આવેલ અને ૩.૧૫ ના પી.એમ પુર્ણ કરવામાં આવેલ. મુત્યુનુ અનુમાનીત કારણ પ્રિમેચ્યોર ડીલીવરી, મરણજનાર બાળક તે ગર્ભ હતું અને તે ગર્ભની ઉમર ૫ માસની હતી. ઓળખનુ નીશાન ઈન્કવેસ્ટ મુજબ હતું. રાઈગર મોટીસ આંશીક રીતે ડેવલપ થઈ ગયુ હતું. પી.એમ. લીવીડીટી ગર્ભ ની પીઠ ઉપર હતુ. જે ફીકસ થઈ ગયુ હતુ. આંખો બંધ હતી.મોઢુ બંધ હતુ. લાશ ના શરીર

ઉપર કોઈ ઈજાઓ જોવા મળેલી નહી. આંતરીક ઈજાઓ– (૧) માથામાં કોઈ ઈજા જણાઈ આવેલી નહી (૨) જમણુ અને ડાબુ ફેફસુ વિકસીત થયેલ ન હતુ (૩) હદયના ચેમ્બર્સમા લોહી ભરેલા હતા (૪) હોજરી  ખાલી હતી (૫) પેશાબની કોથળી ભરેલી હતી. તેમના તબીબી અભીપ્રાય મુજબ ગર્ભનુ મુત્યુ રેસ્પીરીટરી ડીસ્ટ્રેસ જે તે પ્રિમેચ્યોર અને ડીલવીરી હોવાના કારણે. ગર્ભના શરીરથી લોહી એફ.એસ.એલમાં ડી.એન.એ તપાસ માટે લેવામા આવેલ હતુ. જે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ. પી.એમ.પુરુ થયા પછી મુત્યુ પ્રમાણપત્ર તેમની સહીથી મરણજનારના સગા અને સ ક્ષમ પોલીસ સ્ટાફને આપવામા આવેલુ. સાહેદને માર્ક–૪/૬ વાળી યાદી બતાવતા જે બી ડીવી પોલીસ દવારા પી.એમ. કરવા મરણ અંગેનો સર્ટી આપવા કરેલ યાદી જેમાં તેઓએ રીશીવ કરેલ છે જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક.૫૫** થી રજુ છે. સાહેદને માર્ક–૪/૭ થી પી.એમ નોટ બતાવતા જે તેમના હસ્તાક્ષરમાં છે જેમાં નીચે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક–૫૬** થી રજુ છે. સાહેદને માર્ક ૪/૧૩ વાળી યાદી બતાવતા જે બી ડીવી દવારા ડી.એન.એ કરવા નમુના માટે યાદી છે જેમાં ડોકટર શ્રી ઠકકર ની સહી છે જે ઓળખી બતાવે છે જે વાંધા સાથે **આંક.૫૭** થી રજુ છે. સાહેદને  માર્ક–૪/૧૪ થી રામબાગ હોસ્પીટલનો સર્ટી અને ડી.એન.એ ફોર્મ બતાવતા જેમાં સર્ટી માં ડોક. સોનીકાબેન ઠકકરની સહી છે અને ડી.એન.એ ફોર્મમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે વાંધા સાથે **આંક–૫૮** થી રજુ છે.

આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક–૫૬ વાળા પી.એમ. કરતી વખતે તેમની સાથે પેનલમાં કોઈ ગાયનેકોલોજીસ્ટ ડોકટર ન હતા. આંક–૫૭ વાળી યાદી તેમને મળેલ હોય તેવું બનેલ નથી. આંક–૫૬ વાળી પી.એમ.નોટમાં બાળકની ઓળખ અંગેની નોંધ તેઓએ ઈન્કવેસ્ટ પંચનામાંને આધારે કરેલી છે. કોઈપણ વ્યકિતના ડી.એન.એ. સેમ્પલ મેળવવા માટે તે બાબતના મેડીકલ રુલ્સ ઘડવામાં આવેલ છે તે બાબતે વાકેફ છે. આંક–૫૮ વાળા ડી.એન.એ. ફોર્મવાળા મેળવવામાં આવેલ ડી.એન.એ. ના સેમ્પલ લેબોરેટરી સુધી સુરક્ષીત રીતે પહોંચે તે બાબતની કોઈ કાર્યવાહી કરેલ હોય

તેવી કોઈ નોંધ કરવામાં આવેલ નથી. ડી.એન.એ. સેમ્પલના નમુનાને તે લેબોરેટરી સુધી પહોંચે ત્યાંસુધી એક નિયત ટેમ્પરેચરમાં સાંચવી રાખવા પડે. તેઓએ ભરેલ ડી.એન.એ. ફોર્મ જે દર્દીના ભરેલા તેની ઓળખ અંગે તેઓએ જાતે કોઈ તપાસ કરેલ નહી. ઉલટતપાસ દરમ્યાન વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ તમામ સઝેશન્સનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૨૦. ફરીયાદપક્ષ તરફે ગુનો દા.ક.અ. જીજ્ઞાબેન જયદેવભાઈ ત્રિવેદીએ આંક–૫૯ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, ગઈ તા.૧૪/૧૧/૨૦૧૩ ના તેઓ કલાક.૧૨.૦૦ થી ૨૦.૦૦ સુધી ગાંધીધામ બી ડીવી પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ ચાર્જમાં હતા તે દરમ્યાન સહયાદ્રી હોસ્પીટલ માંથી જાણવા જોગ એન્ટ્રી નોંધ ૩૧૮ સ્ટેશન ડાયરી નં.૧૩૧૫ સમય કલાક ૧૬:૫૫ નોધ કરી આગળની તપાસ પી.એસ.આ શ્રી પરમાર સાહેબને સોપેલ. પી.એસ.આઈ પરમાર સાહેબે પોતાની રૂબરૂની ફરીયાદ લઈ ગુનો નોધવા યાદી સાથે તેઓને સોપતા ફરીયાદ રજીસ્ટરે નોંધેલ ગાંધીધામ બી ડીવ. પોસ્ટે ગુના નં.૮૫/૨૦૧૩ થી નોંધી આગળની તપાસ પરમાર સાહેબને સોપેલ. સાહેદને માર્ક ૪/૧ વાળો જાણવાજોગ ઉતારો બતાવતા તે તેજ છે જેમાં પી.એસઓ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક.૬૦** થી રજુ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામે તેમણે આંક–૬૦ ની જાણવા જોગ સીવાયની કોઈ કામગીરી કરેલ નથી.

૨૧. ફરીયાદપક્ષ તરફે ત.ક.અ. બાબુલાલ ગાંગજીભાઈ મ્યાત્રાએ આંક–૬૧ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, ગઈ તા.૧૫/૧૧/૨૦૧૩ ના તેઓ કલાક.૮.૦૦ થી ૨૦.૦૦ સુધી ગાંધીધામ બી ડીવી પોલીસ સ્ટેશનમાં ઈન્વે. ફરજમાં હતા તે દરમ્યાન સદર ગુના કામે બનાવ વાળી સ્થાનીક જગ્યાનું કલાક ૯:૦૦ થી ૯:૩૦ સુધી પંચનામું કરેલ તેમજ બાદમાં નવજાત

બાળક મરણ ગયેલ તેની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ અને ડોકટરશ્રીને લાશનું પી.એમ. થવા યાદી આપેલ. તેમજ હોસ્પીટલમાં સારવારમાં દાખલ થયેલ ઈડીબેન ડો/ઓ ગુમાન તેઓ સારવાર બાદ રજા આપતા પહેલા પો.સ્ટે માં જાણ કરવા કરેલ યાદી કરેલ. નવજાત બાળક નું પી.એમ. થયા બાદ લાશ સોપ્યા અંગેની પહોંચ આપેલી. સાહેદને માર્ક ૪/૪ વાળી યાદી બતાવતા જે તેમના દવારા મેડીકલ ઓફિસર રામબાગમાં સારવજાર લઈ રહેલા દર્દીને રજા આપતા પહેલા પોલીસ સ્ટેશનને કરેલ યાદીમાં નીચે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક.૬૨** થી રજુ છે. સાહેદને આંક. ૧૭ વાળું પંચનામું બતાવતા જે સ્થાનીક જગ્યાનું પંચનામું છે જે પંચોની રૂબરૂ લખી લઈ જેમાં પંચોની સહી લઈ રૂબરૂમાં તેઓએ સહી કરેલ છે જે ઓળખી બતાવે છે. સાહેદને આંક.૫૫ વાળી યાદી બતાવતા જે તેમના દવારા લાશનું પી.એમ. કરવા કોઝ ઓફ ડેથ સર્ટી આપવા કરેલ યાદી જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદને આંક.૧૩ વાળું ઈન્કવેસ્ટ પંચનામું બતાવતા જે પંચોની રૂબરૂ લખી લઈ જેમાં પંચોની સહી લઈ રૂબરૂમાં તેઓએ સહી કરેલ છે જે ઓળખી બતાવે છે. સાહેદને માર્ક ૪/૧૧ લાશ સોપ્યાની પહોંચ બતાવતા જેમાં નીચે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક.૬૩** થી રજુ છે. સાહેદને આંક.૫૭ વાળી યાદી બતાવતા જે તેમના દવારા મેડીકલ ઓફીસર રામબાગને ડી.એન.એ કરવા યાદી બતાવતા જેમાં તેઓએ સહી કરેલ છે જે ઓળખી બતાવે છે. સાહેદને માર્ક ૪/૧૦ વાળું મરણોતર ફોર્મ બતાવતા જે તેમના દવારા ભરવામાં આવેલ છે જેમાં નીચે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક.૬૪** થી રજુ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓને આ ગુના કામે તપાસ અંગેના કોઈ લેખીત હુકમ સક્ષમ અધિકારી દવારા કરવામાં આવેલ નથી. આંક–૬૩ માં લાશ મેળવનાર તરીકે લાશ મેળવનારના વ્યકિતના અંગુઠાના નીશાન થયેલા નથી. તેઓએ સરતપાસમાં જણાવેલ કાર્યવાહી સીવાયની કોઈપણ કાર્યવાહી કરેલ નથી કે તેમની હાજરીમાં અન્ય કોઈ

કાર્યવાહી થયેલ નથી. ઉલટતપાસ દરમ્યાન વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ તમામ સઝેશન્સનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૨૨. ફરીયાદપક્ષ તરફે અ.મોત દા.ક.અ. કિરણભાઈ પાંચાભાઈ ઠાકોરએ આંક–૬૫ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, ગઈ તા.૧૫/૧૧/૨૦૧૩ ના તેઓ કલાક.૧૨.૦૦ થી ૨૦.૦૦ સુધી ગાંધીધામ બી ડીવી પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓના ચાર્જમાં હતા તે દરમ્યાન સહયાદ્રી હોસ્પીટલ ગાંધીધામ અકસ્માત મોત નોંધ ૫૫/૧૩ થી સમય કલાક ૧૩:૨૦ વાગ્યે આગળની તપાસ પી.એસ.આ શ્રી પરમાર સાહેબને સોપેલ. સાહેદને માર્ક ૪/૫ વાળો અકસ્માત મોતનો ઉતારો બતાવતા તે તેજ હોવાનું જેમાં પી.એસઓ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક.૬૬** થી રજુ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામે તેમણે આંક–૬૬ ની અકસ્માત મોતના ઉતારા સીવાયની અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

૨૩. ફરીયાદપક્ષ તરફે ત.ક.અ. પ્રવિણભાઈ મગનભાઈ પરમારએ આંક–૭૪ થી નામ.કોર્ટ સમક્ષ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે, ગઈ તા.૧૪/૧૧/૨૦૧૩ ના તેઓ ગાંધીધામ બી ડીવી પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે ફરજમાં હતા તે દરમ્યાન ગાંધીધામ પોસ્ટે જા.જો.નં. ૩૧૮/૧૩ તા.૧૪/૧૧/૧૩ ના તેઓને પીએસઓ દવારા તપાસ મળતા ફરીયાદીની ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ તેઓએ રૂબરુ પોસ્ટેમા નોંધી યાદી સાથે ગુનો રજીસ્ટર કરવા પીએસઓને સોપેલ અને ગાંધીધામ બી ડીવી પોસ્ટે ગુના રજી નં. ફર્સ્ટ ૨૮૫/૧૩ થી આઈપીસી કલમ ૩૧૭ મુજબ ફરીયાદ નોંધ્યા બાદ તેઓને આગળની તપાસ સોપતા, આ કામે જા.જો.ના કામે કરેલ તપાસના કાગળો હે.પો.કો. બાબુભાઈનાઓએ કરેલ હોય જે વંચાણે લઈ સામેલ રાખેલ. ત્યારબાદ આ કામે તેઓએ

બનાવવાળી જગ્યાએ જઈ આ કામે સાહેદોના નીવેદનો લેવામા આવેલ. ત્યારબાદ આ તપાસ દરમ્યાન આ કામના આરોપી મળી આવતા તેની અટક કરેલી તેની મેડીકલ તપાસણી કરાવેલી અને આ કામે આઈપીસી ૩૧૫ ના ઉમેરો કરવા નામ.કોર્ટમા રીપોર્ટ કરેલો. ત્યારબાદ આ કામે આરોપીનુ મેડીકલ તપાણી તેમજ ડીએનએ ટેસ્ટ માટે કાર્યવાહી કરવામા આવેલ. આ કામે આ કામના આરોપીએ ત્યજી દીધેલ બાળક સારવાર દરમ્યાન મરણ ગયેલ તેઓની કાયદેસરની કાર્યવાહી કરી પીએમ કરાવી આરોપીને સોપવામા આવેલ. ત્યારબાદ આ કામની તપાસ પુર્ણ થતા તેઓએ આ કામે ચાર્જશીટ કરેલ હતુ. સાહેદને માર્ક ૪/૨ વાળી યાદી બતાવતા જે તેમના દવારા બી ડીવી પો.સ્ટે. ગુનો દાખલ કરવા માટે કરવામા આવેલ યાદી છે જેમાં નીચે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક.૭૫** થી રજુ છે. સાહેદને માર્ક ૪/૮ થી નવજાત બાળકનુ મેડીકલ સર્ટી બતાવતા જે તપાસના કામે રજુ રાખેલ તે જ હોવાનું જણાવે છે જે **આંક.૭૬** થી રજુ છે. સાહેદને માર્ક ૪/૧૨ વાળો રીપોર્ટ બતાવતા જે તેમના દવારા કલમ ઉમેરો કરવમા માટે નામ.કોર્ટ કરેલ રીપોર્ટ છે જેમા નીચે પોતાની સહી ઓળખી બતાવે છે જે **આંક–૭૭** થી રજુ છે. સાહેદને માર્ક ૪/૧૫ વાળો એફએસએલ ગાંધીનગરને મુદામાલ મળ્યા અંગેની પહોચ છે જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ હતી તેજ હોવાનું જણાવે છે જે **આંક–૭૮** થી રજુ છે. સાહેદને માર્ક ૪/૧૬ વાળો રીપોર્ટ બતાવતા જે એફએસએલ ગાંધીનગર દવારા પૃથ્થકરણ કરી રીપોર્ટ કરવામા આવેલ તે જ હોવાનું જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ જે ઓળખી બતાવે છે જે **આંક.૭૯** થી રજુ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને તપાસ મળેલ ત્યાંસુધી તેમની સામે આરોપીનું નામ જાહેર થયેલ નહી. આંક–૭૫ પી.એસ.ઓ.ને કયા સમયે મળેલો તેનો કોઈ શેરો તેમાં થયેલ નથી. આંક–૬૩ માં લાશ આરોપીને સોંપી હોય તેવો ઉલ્લેખ નથી. તેમની તપાસ દરમ્યાન તેમને હોસ્પિટલમાંથી આરોપી તથા મરણજનાર બાળકના મળેલ સેમ્પલો આઈસ બોકસમાં પેક કરીને મળેલા હોય અને તેજ સ્થિતિમાં જ એફ.એસ.એલ.ને પહોંચાડેલ

હોય તેવું બનેલ નથી. તેઓએ સ્થાનિક જગ્યા જોયેલી. સ્થાનિક જગ્યાએ ઘણાબધા ગોડાઉન આવેલા છે. ઉલટતપાસ દરમ્યાન વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ તમામ સઝેશન્સનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧ :-**

૨૪. ઉપરોકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા, સદર કામે ફરીયાદ પક્ષે કુલ-૧૩ સાહેદો તપાસેલા છે જે પૈકી મહત્વના એવા સાહેદ કે જે આ કામે ફરીયાદીનો પુરાવો જોઈએ તો તેમની કોર્ટ સમક્ષ સોગંદ પરની જુબાની દરમ્યાન ફરિયાદ હકીકતને સમર્થન કરેલ છે. સદર કામે ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓએ પોલીસમાં અજાણી સ્ત્રીએ બાળકને ત્યજી દીધેલ હોવા બાબતે ફરીયાદ આપેલ છે. ફરીયાદમાં આ કામના આરોપીએ બાળકને ત્યજી દીધેલ હોય તેવું જણાવેલ નથી. વળી, સદર કામે અન્ય સાહેદોએ ફરીયાદની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ તરફે ''ફરી ગયેલા'' જાહેર થયેલ છે અને તેઓએ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી. સદર કામે આંક-૫૪ લાશનું પરીક્ષણ કરનાર ડો. સાહેદ અરવિંદકુમાર સુરેન્દ્રકુમાર સિન્હાને તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં હાલના મુદ્દા પરત્વે જરુરી બાબતો ઘ્યાને લઈએ તો આ લાશનુ પી.એમ. કલાક ૨.૧૫ ના પી.એમ કરવામાં આવેલ અને ૩.૧૫ ના પી.એમ પુર્ણ કરવામાં આવેલ. મુત્યુનુ અનુમાનીત કારણ પ્રિમેચ્યોર ડીલીવરી, મરણજનાર બાળક તે ગર્ભ હતું અને તે ગર્ભની ઉમર ૫ માસની હતી. ઓળખનુ નીશાન ઈન્કવેસ્ટ મુજબ હતું. રાઈગર મોટીસ આંશીક રીતે ડેવલપ થઈ ગયુ હતું. પી.એમ. લીવીડીટી ગર્ભ ની પીઠ ઉપર હતુ. જે ફીકસ થઈ ગયુ હતુ. આંખો બંધ હતી.મોઢુ બંધ હતુ. લાશ ના શરીર ઉપર કોઈ ઈજાઓ જોવા મળેલી નહી.

<u>**આંતરીક ઈજાઓ-**</u> (૧) માથામાં કોઈ ઈજા જણાઈ આવેલી નહી (૨) જમણુ અને ડાબુ ફેફસુ વિકસીત થયેલ ન હતુ (૩) હદયના ચેમ્બર્સમા લોહી ભરેલા હતા (૪) હોજરી ખાલી હતી (૫) પેશાબની કોથળી ભરેલી હતી. તેમના તબીબી અભીપ્રાય મુજબ ગર્ભનુ મુત્યુ

રેસ્પીરીટરી ડીસ્ટ્રેસ જે તે પ્રિમેચ્યોર અને ડીલવીરી હોવાના કારણે. ડોકટરશ્રીની ઉલટ તપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે, આંક–૫૬ વાળા પી.એમ. કરતી વખતે તેમની સાથે પેનલમાં કોઈ ગાયનેકોલોજીસ્ટ ડોકટર ન હતા. આંક–૫૬ વાળી પી.એમ.નોટમાં બાળકની ઓળખ અંગેની નોંધ તેઓએ ઈન્કવેસ્ટ પંચનામાંને આધારે કરેલી છે. આંક–૫૮ વાળા ડી.એન.એ. ફોર્મવાળા મેળવવામાં આવેલ ડી.એન.એ. ના સેમ્પલ લેબોરેટરી સુધી સુરક્ષીત રીતે પહોંચે તે બાબતની કોઈ કાર્યવાહી કરેલ હોય તેવી કોઈ નોંધ કરવામાં આવેલ નથી. તેઓએ ભરેલ ડી.એન.એ. ફોર્મ જે દર્દીના ભરેલા તેની ઓળખ અંગે તેઓએ જાતે કોઈ તપાસ કરેલ નહી. મૃત્યુના કારણ બાબતે જોઈએ તો આ કામે ડોકટરશ્રીએ આંક ૫૬ ના અહેવાલમાં મૃત્યુ કોલમ નં.૨૩ માં જણાવેલ મુત્યુનુ અનુમાનીત કારણ પ્રિમેચ્યોર ડીલીવરીથી થયુ છે. હાલના કામે હકીકત જોઈએ તો પી.એમ. રીપોર્ટ તેમજ ડોકટરશ્રીનો પુરાવો વંચાણે લઈએ તો તેઓએ ચોકકસ કયારે એટલે કે પી.એમ. ના કેટલા સમય પહેલા મૃત્યુ થયેલ તે તેવુ જણાવતા નથી. મરણજનારનું મૃત્યુ આ કામે આંક–૫૬ થી રજુ પી.એમ.રીપોર્ટમાં કોલમ નં.૨૩ માં જણાવેલ મુત્યુનુ અનુમાનીત કારણ પ્રિમેચ્યોર ડીલીવરીથી થયેલ હોવાનું ડો.શ્રીએ તેમના અભિપ્રાયમાં જણાવેલ છે.

૨૫. તે સિવાય આ કામે મહત્વનો પુરાવો તે ડીરેકટર ઓફ ફોરેન્સીક સાઈન્સ ધ્વારા નવજાત બાળકના અવશેષ અને આરોપી તેમજ નવજાત બાળકના લોહીનું પરીક્ષણ કરી તેમના ડી.એન.એ. સેમ્પલ ધ્વારા ગર્ભનું માતૃત્વ નકકી કરવામાં આવેલ છે, જે રીઝલ્ટ આ કામે આંક ૭૯ થી રજુ કરવામાં આવેલ છે, તેમાં જણાવ્યા મુજબ નવજાત બાળકના પરીક્ષણ પછી આરોપી તેના માતા તરીકે હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે. આ અભિપ્રાય બાબતે કોઈ બેમત હોઈ શકે નહિ, પરંતુ હવે જોઈએ તો આ કામે આરોપી સામે ડી.એન.એ. નો રીપોર્ટ સિવાય સંતોષકારક પુરાવો કે જે આરોપીને ગુના સાથે સાંકળે તેવુ જણાઈ આવતુ નથી, એટલે કે ડી.એન.એ. સિવાયનો કોઈ પુરાવો આરોપી સામે જણાઈ આવતો નથી. આ

તબક્કે આરોપી તરફે વિ.વ.શ્રીએ **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૦૯(૨) જી.એલ.આર. પાના નં.૧૨૬૮** ઉપર પ્રસિધ્ધ થયેલ **પ્રેમજીભાઈ બચુભાઈ વિરુધ્ધ ગુજરાત રાજયનો** ચુકાદો રજુ કરેલ છે**,** જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**(A) Indian Penal Code, 1860 (XLV of 1860) — Sec. 376 — Prosecutrix and other witnesses did not support prosecution case of rape — Conviction based solely on D.N.A. report stating that profile of accused was "consistent as biological father of the foetus of the prosecutrix — Conviction set aside.**
In the first information, both the accused persons are implicated, whereas the first informant in his deposition does not implicate any of the accused persons, but,implicates unknown persons. The mother of the prosecutrix also sails in the same boat, and the prosecutrix, who is the only witness examined, having primary knowledge about the incident, states that neither of the accused ever raped her nor ever lured her or intimidated her. They are not responsible for her pregnancy, and she states that she was raped by unknown persons, who were not her relatives, whereas, the accused persons were her relatives. The evidence on oath, thus, does not implicate any of the accused persons. (Para 9)

**(B) Evidence Act, 1872 (I of 1872) — Sec. 45 — Indian Penal Code,1860 (XLV of 1860) — Sec. 376 — D.N.A. report — When positive D.N.A.report is the sole piece of evidence, it cannot be the conclusive evidence to record conviction — However, when the report is negative, "it would conclusively exonerate the accused".**
The D.N.A. report says that the D.N.A. profile of the appellant is consistent as biological father of the foetus of the prosecutrix, whereas the D.N.A. profile of Mr. A. excludes him from being biological father of the foetus of the prosecutrix, and this evidence is relied upon by the trial Court to record conviction of the appellant. (Para 10)
If the report in respect of the present appellant is seen, it only says that the observations concluded that D.N.A.

profiles of Mr. P. is consistent with biological father of foetus. Thus, it only says that it is consistent with the biological father of the foetus, but does not say with certainty of conclusiveness that he is the biological father of the foetus. (Para 12.1) The Court quoted from the 185th Report of the Law Commission. (See Paras 13, 13.1 and 13.2)

It is thus clear that positive D.N.A. report can be of great significance, where there is supporting evidence, depending of course on the strength and quality of that evidence. If the D.N.A. report is the sole piece of evidence, even if it is positive, it cannot conclusively fix the identity of the miscreant, but if the report is negative, it would conclusively exonerate the accused from the involvement or charge. (Para 14)

When the question of appreciation of evidence of such report arises before a Criminal Court, especially when such report is positive, it shall look for other evidence,particularly when such other evidence does not fall in line with the result in the positive D.N.A. report or when such other evidence is in direct conflict with the opinion expressed in such positive report. Such report can be used as corroborative evidence i.e. an evidence to substantiate other evidence. A positive D.N.A. report cannot be the sole and conclusive evidence to record conviction in a criminal case. (Para 16.2)

૨૬. ઉપરોકત ચુકાદાની હકીકતો સાથે હું સંપુર્ણપણે સંમત છું અને હાલના કિસ્સામાં પણ ડી.એન.એ. ના પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો આરોપી વિરુધ્ધ જણાઈ આવતો નથી અને નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ માત્ર અને માત્ર ડી.એન.એ. ના રીપોર્ટ ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ, કારણકે તેને સમર્થન આપતો યોગ્ય અને ગ્રાહય પુરાવો આરોપી વિરુધ્ધ મળી આવતો નથી. જેથી ગુજરનારનું મૃત્યુ બાળકને ત્યજી દેવાના કારણે થયેલ હોવાનું માની શકાય તેમ નથી. પરિણામે બનાવના સ્થળે અને સમયે આરોપીએ પોતાનું તાજુ જન્મેલ નવજાત બાળક ત્યજી દઈ, હકીકત છુપાવેલ હોય તેવું માની શકાય નહી. ત.ક.અમલદાર તથા

પી.એસ.ઓ. એ જે કાંઈ કામગીરી કરી છે તે પોતાની ફરજના ભાગરુપે કરેલી છે તેથી સ્વભાવીક છે કે, તેઓ પોતાની કામગીરીને સમર્થન આપે. આમ ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ તબીબી તેમજ સાંયોગીક પુરાવો ધ્યાને લેતા નવજાત બાળકનું મૃત્યુ આરોપીના ત્યજી દેવાના કારણે થયેલ છે કે મરનારના મૃત્યુ માટે હાલના આરોપી જવાબદાર હતા તેવું સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવેડેલ હોઈ તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ પણ **નકાર**માં ઠરાવી મુદ્દા નં.૨ સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

૧. આ કામનાં આરોપી **ઈડીબેન ગુમાનભાઈ જમરા (આદીવાસી)** નાંઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ ૩૧૫,૩૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીને પુરાવાના અભાવે છોડી મુકવામા આવતા હોઈ, જો આ હુકમ સામે નામદાર અપીલ અદાલતમા અપીલ થાય, તો અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે ક્રિ. પ્રો. કોડ કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અન્વયે આરોપીએ રકમ રુા.૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર સ્થાવર મિલ્કત ધરાવતા, ૬(છ) માસના સમય ગાળા માટેના જામીન આપવા.

:: હુકમ આજ રોજ તારીખ ૧૭ મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**(એમ.જે.પારાશર)**
અધિક સેશન્સ જજ
ગાંધીધામ –કચ્છ.
GJ00463

તારીખ: ૧૭/૦૮/૨૦૨૨
ગાંધીધામ–કચ્છ.